 ISSN: 2349-6002

# Holistic and multidisciplinary curricular frameworks Comparative study of education in the context of Gujarat and Bihar states

Jayesh Rambhai Vadoliya[1], Dr.Bhavna.R Keshvala[2]
[1]*Department of Economics, Dr. V.R. Godhaniya P.G Centre, Porbandar*
[2]*Guide, Dr. V.R. Godhaniya P.G Centre, Porbandar*
doi.org/10.64643/IJIRTV12I8-190306-459

**સારાંશ: હાલના સમાજમા વ્યક્તિને બધા માનવીથી કાંઈક અલગ સ્થાન પ્રાપ્ત કરવા માટે શિક્ષણએ ખૂબ જ જરૂરી બાબત છે. શિક્ષણ એટલે કે જેના દ્વારા વ્યક્તિના જ્ઞાનમાં વધારો થાય, બુદ્ધિક્ષમતા વધારો થાય, તથા વ્યક્તિને નવા વિચારો મળેછે. તથા શિક્ષણથી માનવીના મગજનો સંપુર્ણ પણે વિકાસ થાય છે.તથા આપણા વેદો અને પુરાણોમા શિક્ષણ વિશે ખૂબજ ઉલ્લેખનીય બાબતો જોવા મળે છે.તથા પ્રાચીન કાળમાં ઋષિમુનિઓ દ્વારા બાળકોને પ્રકુતિનિ ગોદમા શિક્ષા આપવામાં આવતી હતી.તેમાં વેદો, મહાપુરાણો, બાણવિધ્યા વગેરે જેવી શિક્ષા આપવામાં આવતી હતી.તથા ત્યારથી શિક્ષણ ક્ષેત્રે સુધારા આવતા ગયા તથા હાલમાં નવી શિક્ષણ નીતિ NEP (National Education Policy) ના કારણે શિક્ષણએ ખૂબજ અતિ આધુનિક સ્વરુપ લીધું છે.**

**શિક્ષણ પ્રક્રિયાના ત્રણ પ્રકાર પાડવામાં આવ્યા છે.1)સહજ શિક્ષણ કે અનોપચારીક શિક્ષણ. 2)ઑપચારીક શિક્ષણ.3) બિન ઑપચારિક શિક્ષણ. વ્યક્તિના શિક્ષણની પ્રક્રિયા તેના જન્મથી મૃત્યુપર્યંત આભાનપણે ચાલ્યા કરતી હોય છે. તેને સહજ શિક્ષણ કહેવામાં આવે છે. વ્યક્તિ જે કાઈ જુએ છે સાંભળે છે, વાંચે છે, તેની કોઈ ને કોઈ અસર વ્યક્તિ પર પડતી હોય છે. એજ રીતે વ્યક્તિ બીજી વ્યક્તિઓના સંપર્કમા આવે છે એની અસર પણ તેના વ્યક્તિત્વ પર પડતી હોય છે.બાળક સાંભળીને ભાષા શીખી લેતું હોય છે એ હકીકત સહજ શિક્ષણનું ઉદાહરણ છે.શાળા કોલેજોમાં ચોક્કસ નીતિ નિયમ મુજબ શિક્ષણ આપવામાં આવે છે.તેને ઓપચારિક શિક્ષણ કહે છે.**

❖ **ચાવીરૂપ શબ્દો: શિક્ષણ, તુલનાત્મક અભ્યાસ, NEP, પધ્ધતિ**

**સર્વાંગી અને બહુ-શાખાકીય અભ્યાસક્રમ માળખા ગુજરાત અને બિહાર રાજ્યોના સંદર્ભમાં શિક્ષણનો તુલનાત્મક અભ્યાસ**

## વિષય પ્રવેશ

ગુજરાત તથા બિહારની શિક્ષણ ક્ષેત્રે વાત કરીએ તો ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ અતિ આધુનિક સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.તથા ઘણી મોટી મોટી સંસ્થાઓ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નો કરવામાં આવે છે સ્ત્રી શિક્ષણને પણ ખૂબ જ મહત્વ આપવામાં આવે છે. ગુજરાતનો સાક્ષરતા દર 76.5% છે. ત્યારબાદ બિહારનિ વાત કરીએતો ગુજરાતના પ્રમાણમાં ત્યા ઓછી આંતરમાળખાકીય સુવિધા નો વિકાસ થયો છે. તથા આર્થિક રીતે ગુજરાત કરતા બિહાર પછાત જોવા મળે છે. છતાં પણ હાલના સમયમાં ત્યાં કડક શિક્ષણનીતિ હોવાના કારણે સૌથી વધારે IPS, IAS, IFS વગેરે જેવા ઓફિસરો ભારતને બિહાર આપે છે.તેથી ગુજરાત કરતા સારી ગુણવત્તાનું શિક્ષણ પણ બિહારમા આપવામાં આવે છે.

હાલના આધુનિક યુગમાં શિક્ષણનું પ્રમાણ ખૂબ જ વધ્યું છે. સામાન્ય રીતે શિક્ષણ એટલે જેના દ્વારા વ્યક્તિ આત્મ નિર્ભર બને, તથા માનવીની બુદ્ધિ ક્ષમતામાં વધારો થાય, તથા ખરા અર્થમાં માનવીના મગજનો વિકાસ થાય તેને શિક્ષણ કહે છે, શિક્ષણ સમાજ માટે ખૂબ જ જરૂરી બાબત છે.પ્રાચીન

સમયમાં ઋષિમુનિઓ દ્વારા વિવિધ કલા કૌશલ્ય તથા જીવનનો એક અનોખો માર્ગ બતાવવામાં આવ્યો હતો. છતાં પણ પ્રાચીન સમાજના લોકોમાં શિક્ષણનો અભાવ જોવા મળતો હતો ત્યારબાદ ગુજરાત અને બિહારના શિક્ષણમાં શું વિશેષતા છે તેની માહિતી મેળવીશું

❖ NEP (National Education Policy)

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 29 જુલાઇ 2020 મા બનાવામા આવી હતી. આ એકવીશમી સદીની પહેલી શિક્ષણ નીતિ છે. તેનો હેતુ  દેશ નો વિકાસ કરવાનો છે તથા 2040 સુધીમાં શિક્ષણ ક્ષેત્રે સંપુર્ણ વિકાસ કરવાનો છે.તથા આધુનિક શિક્ષણને પ્રોત્સાહન આપે છે.અને નવી શૈક્ષણિક પદ્ધતિ 5+3+3+4 નો અમલ કરવામાં આવી છે.તથા વિદ્યાર્થીઓ પોતાના રશનો વિષય પસંદ કરી શકે શકે છે.તથા નવી નીતિના કારણે શિક્ષકોની  તાલીમ માં સુધારા થયા છે.તથા ગુણવાતા યુક્ત શિક્ષણ પર ભાર મુકાયો છે.તથા શિક્ષણ ની સાથે રમત ગમત,વાર્તા ,અને કાવ્ય આ બધી પ્રવૃત્તિ દ્વારા શિક્ષણ આપવામાં આવે  છે.તથા આધુનિક શિક્ષણને ખૂબ જ પ્રોત્સાહન આપવામાં આવ્યુ છે.તથા મોબાઈલ, ટીવી,પ્રોજેક્ટર દ્વારા વિદ્યાર્થીઓને શિક્ષણ આપવામાં આવે છે.જેના કારણે વ્યક્તિ ભણવાની સાથે લાઇવ ઉદારણ પણ જોઈ શકે છે. જેના કારણે વ્યક્તિ વધારે જ્ઞાનનું  ગ્રહણ કરી શકે છે.તથા શિક્ષણની સાથે અન્ય પ્રવૃત્તિ પણ કરાવવામાં જેના કારણે વ્યક્તિનો સર્વાંગી વિકાશ થઇ શકે છે. તથા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના વિદ્યાર્થીઓ ને internship કરાવવામા આવે છે. જેથી વ્યક્તિને અભ્યાસ પૂર્ણ થતા જ રોજગારી મળે છે.

❖ ગુજરાતની શિક્ષણ પદ્ધતિ

ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે સારા પ્રમાણમાં વિકાસ થયો છે. તથા પ્રાચીન સમયમાં શિક્ષણ ક્ષેત્ર ટેકનોલોજીનું પ્રમાણ ઓછું જોવા મળતું હતું. પરંતુ હાલના સમયમાં ગુજરાતમાં શિક્ષણ ક્ષેત્રે બહોળા પ્રમાણમાં વિકાસ થયો છે. હાલના સમયમાં શિક્ષણ આધુનિક સાધનો જેવા કે મોબાઈલ, ટીવી, પ્રોજેક્ટર, કમ્પ્યુટર વગેરે દ્વારા શિક્ષણ આપવામાં આવે છે. તથા 2020 માં નવી શિક્ષણ નીતિ NEP(National Education Policy)  બનાવવા માં આવી હતી. અને 2023મા તેનો અમલ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ શિક્ષણ ક્ષેત્રે ખૂબ જ પ્રગતિ થઈ છે. તેથી ડિજિટલ શિક્ષણનો વ્યાપ વધતોં ગયો તથા તમામ વિદ્યાર્થીઓનો ખૂબ જ સારો વિકાસ થયો છે. તથા આંતરમાળખાકીય  સુવિધાઓનો પણ વિકાસ થયો છે. ગુજરાતમાં શિક્ષણ સાથે વિદ્યાર્થીઓને અન્ય પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવે છે જેમકે રમતગમત તથા વિવિધ ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવે છે.તથા રમતગમત ક્ષેત્રમાં ઘણા બધા એવોર્ડ પણ આપવામાં આવે છે તેથી શિક્ષણ સિવાયના ક્ષેત્રમાં પણ વિદ્યાર્થી પોતાનો સર્વાંગી વિકાસ કરી શકે છે. તથા રમતગમત ક્ષેત્રે સરકાર દ્વારા નાણાકીય સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવે છે. તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ પણ આયોજન કરવામાં આવે છે તથા સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ વિદ્યાર્થીઓને બધી જાતની તાલીમ પણ આપવામાં આવે છે.તથા રિસર્ચ  પણ કરાવવામાં આવે છે.જેને કારણે વ્યક્તિના મગજમાં નવા નવા વિચારો આવે છે. તથા તેના જ્ઞાનમાં વધારો થાય છે.તથા શિક્ષણ ક્ષેત્રે સરકાર દ્વારા વિવિધ નાણાકીય સહાય પણ પૂરી પાડવામાં આવે છે. જેના કારણે પછાત વર્ગના બાળકો પણ ગુણવત્તા યુક્ત શિક્ષણ મેળવી શકે છે.

ગુજરાતમાં સ્ત્રી શિક્ષણને પણ ખૂબ જ મહત્વ આપવામાં આવે છે.તથા હાલના સમયમાં સ્ત્રીને પણ પુરુષની સમાન શિક્ષણ આપવામાં આવે છે. તથા શિક્ષણની સાથે વિદ્યાર્થીઓને રોજગારી કેવી રીતે મેળવી તેના માટે internship પણ કરાવવામાં આવે છે. તેના કારણે વિદ્યાર્થી તેનો અભ્યાસક્રમ પૂર્ણ કરતા ની સાથે જ રોજગારી મેળવવા માટે સક્ષમ બને છે.

❖ બિહારની શિક્ષણ પદ્ધતિ

 ISSN: 2349-6002

ગુજરાતની સરખામણીમાં બિહારનો શિક્ષણ ક્ષેત્રે પૂરતા પ્રમાણમાં વિકાસ થયો નથી. બિહારનો સાક્ષરતા દર61.80% જોવા મળે છે. તથા ત્યાંની શાળા કોલેજો ગુજરાત જેટલી વિકસિત નથી. તથા ત્યાં વિદ્યાર્થીઓને પૂરતા પ્રમાણમાં આંતરમાળખાકીય સુવિધાઓ પણ આપવામાં આવતિ નથી. બિહારમાં પ્રાથમિક શિક્ષણ ધોરણ 1 થી 5, તથા માધ્યમિક શિક્ષણ 6 થી 10, તથા ઉચ્ચ માધ્યમિક શિક્ષણ 11- 12, તથા ત્યારબાદ કોલેજ યુનિવર્સિટી આ પ્રમાણે શિક્ષણ પદ્ધતિ છે. બિહારની ઘણી સ્કૂલોમાં શિક્ષકોનો પણ અભાવ જોવા મળે છે.

પરંતુ ત્યાં ઘણા બધા એવા શિક્ષકો પણ છે. જે મુક્ત મા શિક્ષણ આપે છે. જેના કારણે નાના તથા મધ્યમ વર્ગના બાળકો તથા યુવાનો સારુ શિક્ષણ મેળવી શકે છે. બિહારમાં વિદ્યાર્થીઓને ખૂબ જ કડક રીતે શિક્ષણ આપવામાં આવે છે.તથા તો તેને વધારે પ્રમાણમાં ટોર્ચર કરવામાં આવે છે. જેને કારણે વિદ્યાર્થીઓ પર હકારાત્મક તથા નકારાત્મક બંને અસરો જોવા મળે છે. જો હકારાત્મક અસરોની વાત કરીએ તો વ્યક્તિના જ્ઞાનમાં વધારો થાય, તથા વિવિધ કલા કૌશલ્યનો વિકાસ થાય, અને તેના કારણે જ મોટા ભાગના IAS(Indian Administrative Service), IPS(Indian Police Service), IRS(Indian Revenue Service) બિહારમાંથી નીકળે છે.તથા નકારાત્મક અસરો ની વાત કરીએ તો તો ઘણા વિદ્યાર્થીઓ શિક્ષકના ડરથી ભણવાનું છોડી દે છે. અથવા તો રોજના ટોર્ચરથી વિદ્યાર્થીઓ ક્યારેક આત્મહત્યા પણ કરી લે છે. ઘણા વિદ્યાર્થીઓને મગજની બીમારી પણ થાય છે. તેથી ત્યાંના વિદ્યાર્થીઓને શિક્ષણકક્ષેત્રે કયારેય મુશ્કેલીનો સામનો કરવો પડતો નથી.

❖ ગુજરાત અને બિહારના શિક્ષણમા તફાવત

ગુજરાતમા શિક્ષણ ક્ષેત્રે વિદ્યાર્થીઓને ખૂબજ સારી સવલતો આપવામાં આવે છે તથા વિદ્યાર્થીઓને જોઈતી તમામ પ્રકારની જરૂરિયાતો પુરી પાડવામાં આવે છે તથા ગુજરાતનું શિક્ષણ બિહાર કરતા ઉચ્ચક્ક્ષાનુ જોવા મળે છે તથા ગુજરાતએ શિક્ષણ ક્ષેત્રે ખૂબજ પ્રગતિ હાંસલ કરી છે તેની સામે બિહારના અમુક ગામડા તથા શહેરમા પૂરતા પ્રમાણમા આંતરમાળખાની સુવિધા પણ આપવામાં આવતી નથી તથા ત્યાંની શાળા અને કોલેજોની સ્થિતિ ગુજરાત કરતા નબળી જોવા મળે છે તથા હાલના સમય NEP ના કારણે શિક્ષણ ક્ષેત્રે ખૂબ સુધારા થયા છે તથા NEP કારણે હવે બિહારમાં પણ ડિજિટલ શિક્ષણ આપવામાં આવે છે તથા NEP કારણે બિહારમાં પણ હવે ધોરણ 6 થી ઇન્ટરશીપ કરાવવામાં આવે છે તથા હાલના સમયમાં બિહારમાં પણ શિક્ષણ ક્ષેત્રે ઘણા સુધારા થયા છે તથા બિહારમાં પણ શિક્ષણ ક્ષેત્રે ઘણી બધી યોજનાઓનો લાભ આપવામાં આવે છે ત્યાર બાદ બંને રાજ્યોના સાક્ષરતા દર વિશે ચર્ચા કરીશુ

| રાજ્ય | પુરુષ | સ્ત્રી | કુલ |
|---|---|---|---|
| ગુજરાત | 85.75% | 69.68% | 78.03% |
| બિહાર | 82.03% | 51.50% | 61.80% |

❖ 2011ની વસ્તી ગણતરી મુજબ..........

પરંતુ ગુજરાત કરતાં બિહારમાં શિક્ષણની સ્થિતિ નબળી હોવા છતાં ખૂબ જ કડક તથા ગુણવત્તા યુક્ત શિક્ષણ આપવામાં આવે છે. તેના કારણે સૌથી વધારે IAS તથા IPS ભારતને બિહાર આપે છે. તથા ગુજરાતમાં શિક્ષણ કરતાં અન્ય ક્ષેત્રને વધારે પ્રોત્સાહન આપવામાં આવે છે. તેને કારણે ઊંચી પોસ્ટ ધરાવતા લોકો ગુજરાતમાંથી ઓછા નીકળે છે. ત્યારબાદ સ્ત્રી શિક્ષણની વાત કરીએ તો ગુજરાતમાં પુરુષની સાથે મહિલા સમકક્ષમાં આવે તે હેતુ થી વિવિધ યોજનાઓ દ્વારા તેને પ્રોત્સાહન આપવામાં આવે છે. તથા બિહારમાં પણ હાલના સમયમાં સ્ત્રી શિક્ષણ ને પ્રાધાન્ય આપવામાં આવે છે. તથા બિહારમાં ઘણા બધા એવા શિક્ષકો છે. જે ફ્રીમાં શિક્ષણ આપે છે તે નાણા કરતા વધારે શિક્ષણમાં માને છે .તથા તે ખરા અર્થમાં મધ્યમ વર્ગના તથા નિમ્ન વર્ગના વિદ્યાર્થીઓના ભવિષ્યનો વિચાર કરે છે. તેના કારણે ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ પણ

 ISSN: 2349-6002

ખૂબજ ઉંચી ગુણવતાનુ શિક્ષણ મેળવે છે. તથા પોતાના સપનાઓ શકાર કરે છે.

❖ નિષ્કર્ષ :

ગુજરાત અને બિહાર બંને રાજ્યો ભારતીય શિક્ષણ પ્રણાલીનો ભાગ છે, જેમાં કેન્દ્ર સરકારની નીતિઓ (જેમ કે બુનિયાદી શિક્ષણ, નવી શિક્ષણ નીતિ) લાગુ પડે છે, પરંતુ ગુજરાત માળખાગત સુવિધાઓ અને ટેકનોલોજી પર ભાર મૂકે છે, જ્યારે બિહાર શિક્ષણની ગુણવત્તા સુધારવા અને ખાસ કરીને કન્યા કેળવણી પર ધ્યાન કેન્દ્રિત કરે છે, જોકે ભૂતકાળમાં ગુજરાત કન્યા કેળવણીમાં બિહારથી પાછળ રહી ગયું હતું અને બંને રાજ્યોમાં શિક્ષણના સ્તરમાં સુધારાની જરૂરિયાત છે.

## સંદર્ભસૂચિ

[1] https://www.chatgpt.com
[2] https://share.google/aimode/qYNoJQJj54v0wE9YN
[3] https://testbook.com
[4] https://www.censusindia.co.in